# ધમાસણામાં મજૂરે પિતરાઈ ભાઈની હત્યા કરી મૃતદેહ ખેતરમાં દાટી દીધો

## નશામાં ચકચૂર આરોપીએ જ ૨૦ દિવસ પહેલા આચરેલા ગુનાની કબુલાત કરતા હકીકત પ્રકાશમાં આવી : હત્યારાની ધરપકડ



ગાંધીનગર, તા. ૨

કલોલ તાલુકાના ધમાસણા ગામના એક મજુર વ્યક્તિને જાનથી મારી નાંખી ખેતરમાં દાટી દઈ કરપીણ હત્યા કરી દેવાઈ હોવાનો કિસ્સો -કાશમાં આવ્યો છે. હત્યાના ૨૦ દિવસ બાદ દારૂના નશામાં ચકચૂર આરોપીએ પોલીસ સમક્ષ ગુનાની કબુલાત કરતા પોલીસે આ મામલે સ્થળ તપાસ હાથ ધરી ખેતરમાં ખોદકામ કરી યુવાનનો વિકૃત મૃતદેહ આજે બહાર કાઢ્યો હતો. મર્ડર કેશની વધુ હકીકતો જાણવા કલોલ પોલીસે આરોપીની ધરપકડ કરી સઘન પૂછતાછ હાથ ધરી છે.

પાટણમાં રહેતા ભીખીબેન પોપટભાઈ ઠાકોર છેલ્લા કેટલાક સમયથી તેમના કલોલ ધમાસણા ખાતે રહેતા ૪૨ વર્ષીય ભાઈ લવજી ઉર્ફે પાલી રામસિંગ ઠાકોરની કોઈ ભાળ ન મળતા વ્યથિત હતા. ભીખીબેનના પિયરના પરિવારમાં બે બહેન અને ત્રણ ભાઈઓ હતા. આ પૈકી બે બહેન અને બે ભાઈઓ અગાઉ મૃત્યુ પામ્યા હતા. જયારે તેમનો મોટો ભાઈ લવજી ઉર્ફે પાલી કલોલ તાલુકામાં સ્થિત ધમાસણામાં રહીને ખેત મજુરી કરતો હતો. લવજી દોઢ મહિના અગાઉ ભીખીબેનને મળવા પાટણ ગયો હતો ત્યારે તેને પોતાના મિત્ર બળદેવનો મોબાઈલ નંબર આપી કાઈ કામ હોય તો જણાવવા કહ્યું હતું. ત્યાર બાદ ત્રણ દિવસ અગાઉ જ ભીખી બેને લવજીના મિત્ર બળદેવને ફોન કરી લવજીના ખબરઅંતર પૂછ્યા હતા. પરંતુ લવજી ઘણા સમયથી દેખાતો જ ન હોવાનું બળદેવએ જણાવતા ભીખીબેન ચિંતાતુર બન્યા હતા. તેમણે બળદેવને તેમના ફોઈના દીકરા વિરમ સાથે વાત કરાવવા જણાવ્યું હતું. આ દરમિયાન વિરમ સદાજી ઠાકોરે ભીખીબેનને નશાની હાલતમાં બબડતા જણાવ્યું હતું કે તારા ભાઈ પાલીને મારી નાંખ્યો છે. તેના હાડકા પણ તારા હાથમાં આવશે નહિ. આ સાંભળી ભીખીબેનના હોશકોશ ઉડી ગયા હતા. તેઓ તેમના પતિ સાથે રથયાત્રાના દિવસે કલોલ આવી પહોંચ્યા હતા ને વિરામની શોધખોળ કરી હતી. આ દરમિયાન આ કેશનો આરોપી વિરમ દારૂ પીધાના ગુનામાં ઝડપાતા પોલીસ સ્ટેશનમાં હતો. પાલી અંગે પૂછતાછ કરતા વિરમ પાલી વિષે કઈ જ જાણતો ન હોવાનું જણાવતા ભીખીબેન પરત પાટણ ફરી ગયા હતા. ત્રણ દિવસ પહેલા ભીખીબેન ફરી પાલીની તપાસ માટે ધમાસણા આવ્યા પરંતુ તે મળી ન આવતા છત્રાલ પોલીસને જાણ કરી હતી.

પોલીસને આ અંગે જાણ થતા આરોપી વિરમને બોલાવીને પૂછતાછ કરી હતી. આ દરમિયાન આરોપી



વિરમ સદાજી ઠાકોરે પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે તેને તેના પિતરાઈ ભાઈ લવજી ઉર્ફે પાલીની ૨૦ દિવસ પહેલા હત્યા કરી નાંખી હતી. મૃતદેહ ધમાસણા ગામમાં એક પટેલના ખેતરમાં દાટી દીધો હોવાની ચોંકાવનારી કેફિયત આપતા પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને સ્થળ પર ખાડો ખોદીને વિકૃત થઈ ગયેલી પાલીની લાશ બહાર નીકાળી હતી. એફ.એસ.એલ અધિકારી જી.પી.દરબાર તથા તેમની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને જરૂરી નમુનાઓ લઈ તપાસ શરુ કરી છે. બીજી તરફ સ્થળ પર જ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પિતરાઈ ભાઈ વિરમની ધરપકડ કરીને હત્યા કરવાનું કારણ બહાર લાવવા ડી તપાસ શરુ કરી છે.

# રાયપુર કેનાલમાં ઝંપલાવી ૨૪ વર્ષીય યુવાનનો આપઘાત

## ખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે અમદાવાદનો યુવાન હોવાનું પોલીસને જાણવા મળ્યું : દશેક દિવસથી લાપતા હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિક્યુરિટી ગાર્ડને આજે બપોરના અરસામાં કેનાલના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા તેને ડભોડા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃતકના ખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે આ યુવાન અમદાવાદ સૈજપુર વિસ્તારનો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. યુવાન દશેક દિવસથી લાપતા હોવાનું પણ બહાર આવ્યું છે.

ગાંધીનગર પાસેના રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરિટી ગાર્ડે આ મૃતદેહ અંગે પોલીસને જાણ કરતા ડભોડા પોલીસ મથકની ટીમ કેનાલ પાસે પહોંચી ગઈ હતી. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી મોબાઈલ મળી આવ્યો હતો. મૃતદેહ અમદાવાદના સૈજપુર વિસ્તારના ૨૪ વર્ષીય યુવાન અરવિંદ સુરેશભાઈ મહેરિયાનો હોવાનું બહાર આવ્યું છે. રિલાયન્સ કંપનીમાં નોકરી કરતો આ યુવાન દશેક દિવસ પહેલા ઓફીસ જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. ત્યારથી લાપતા હતો. આ અંગે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણવાજોગ પણ નોંધાઈ છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# ઈન્ફોસિટી ટાવર નં. ૨માં અચાનક આગ લાગતા દોડધામ

## સોલ્યુશન બીપીઓ સેન્ટરના મીટર બોર્ડમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી : કોઈ જાન-માલનું નુકસાન નહિ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના હાઈ -ેફાઈલ વિસ્તારમાં સ્થિત ઈન્ફોસિટી સંકુલમાં આવેલા ટાવર નં.૨ ના સોલ્યુશન બીપીઓ સેન્ટરમાં ગઈ કાલે મોડી સાંજે અચાનક આગ ભભૂકી હતી. બીપીઓ સેન્ટરના મીટર બોર્ડમાં શોર્ટ સર્કિટ થવાના કારણે લાગેલી આગની જવાળાઓ વધુ ફેલાતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચેલી ફાયરબ્રિગેડની ટીમે આગને કાબુમાં લેવા પાણીનો મારો ચલાવ્યો હતો. સદ્નસીબે આગના આ બનાવમાં જાન-માલનું નુકશાન થયું નથી.

હાઈ-ેફાઈલ ઈન્ફોસિટી સંકુલમાં સ્થિત આવેલા ટાવર નં.૨ માં કાર્યરત સોલ્યુશન બીપીઓ સેન્ટરમાં ગઈ કાલે મોડી સાંજે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. બીપીઓ સેન્ટરના મીટર બોર્ડમાં શોર્ટ સર્કિટ થતા આગ ઉદ્દભવી હતી. ધીમે ધીમે ધુમાડામાંથી આગની જવાળાઓ ફેલાતા બનાવ સંદર્ભે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાન કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટીમ ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જયારે આગને ઓલવવા ફાયરબ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવ્યો હતો. આખરે થોડી વારમાં જ ભભૂકતી આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. ફાયર ટીમે સમયસર આગને કાબુમાં લઈ લેતા બીપીઓ સેન્ટરમાં સ્થિત કોમ્પ્યુટર યુનીટને આગની જવાળાઓમાંથી બચાવી શકાયું હતું. જો કે ફાયરબ્રિગેડની સમયસુચકતાના લીધે જાનમાલનું કોઈ નુકશાન થવા પામ્યું ન હતું.

## શુક્રવારે સે. ૩-ડી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૪ જુલાઈ, શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન સેક્ટર-૩-ડી રામજી મંદિર ખાતે યોજવામાં આવશે. આનંદનો ગરબો ચેતનાબેન પટેલ તરફથી યોજવામાં આવશે. સર્વે ભાવિ-ભક્તોને ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા જણાવ્યુ છે.

# સે-૨૮ બાલોદ્યાનમાં એન્જિન ખોટવાતા મીની ટ્રેન બંધ

## વર્ષો જુના એન્જિનના સ્પેરપાર્ટ્સ પણ મળતા નથી : નવા એન્જિનની ખરીદી માટે તંત્રની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની આગવી ઓળખસમા બાલોદ્યાનમાં છેલ્લા ૧૫ દિવસથી મીની ટ્રેઈનના પૈડા થંભી જતા ઉદ્યાનની રોનક છીનવાઈ ગઈ છે. મીની ટ્રેઈનના એન્જીનમાં ક્ષતિ ઉદ્દભવતા ટ્રેઈન બંધ હાલતમાં છે. જયારે ટ્રેઈનનું એન્જીન પણ વર્ષો જુનું હોવાથી જરૂરી સ્પેરપાર્ટસની ઉપલબ્ધિના અભાવે તંત્ર માટે મીની ટ્રેઈન શિરદર્દ સમાન બની છે. નવું એન્જીન ખરીદવા તંત્ર દ્વારા બજેટ લક્ષી દરખાસ્ત પણ કરી દેવાઈ છે.

સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા સે-૨૮ બાલોદ્યાનમાં છેલ્લા ૧૫ દિવસથી મીની ટ્રેઈન બંધ હાલતમાં છે. બે - ત્રણ વર્ષ પૂર્વે જ લાંબા સમયથી બંધ મીની ટ્રેઈનને ટ્રેક પર દોડાવવા લાખોનો ખર્ચ કરાયો હતો. આ દરમિયાન ટ્રેઈનના એન્જીનની મરામત, ડબ્બાઓનું કલરકામ તેમજ પ્લેટફોર્મ સુધારણાનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. જેના અંતે વર્ષો બાદ ઉદ્યાનમાં મીની ટ્રેઈનને લીલી ઝંડી આપવામાં આવી હતી. પરંતુ હાલ મીની ટ્રેઈનના એન્જીનમાં ક્ષતિ ઉદ્દભવતા છેલ્લા કેટલાક દિવસોથી ટ્રેઈન બંધ હાલતમાં છે. જેના પરિણામે સહેલાણીઓમાં નિરાશા વ્યાપી છે. મીની ટ્રેઈનનું એન્જીન



રીપેરીંગ માટે અમદાવાદ મોકલવામાં આવ્યું છે. જો કે બે દિવસમાં ટ્રેઈન ફરી શરુ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાવ્યું છે. પરંતુ ટ્રેઈનનું એન્જીન વર્ષો જુનું હોવાથી જરૂરી સ્પેરપાર્ટસ પણ ઉપલબ્ધ ન થતા રીપેરીંગનું કામ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યું છે. આવા સંજોગોમાં ઉદ્યાનમાં ટ્રેઈન માટે નવું એન્જીન ઉપલબ્ધ થાય તવી અનિવાર્યતા ઉભી થઈ છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ મીની ટ્રેઈનને નવું એન્જીન મળે તે માટે જરૂરી દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. બીજી તરફ સે-૨૮ ના બગીચાને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાની યોજના અન્વયે પણ કોઈ ખાસ ગતિવિધિઓ હાથ ધરી શકાઈ નથી. લાંબા સમયના અંતે પણ સે-૨૮ ના બગીચાની કાયાપલટ કરવાની યોજના હજુ કાગળ પર જ રહી ગઈ છે ત્યારે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્રસ્થાન બનેલા ઉદ્યાનને સુવિધાસભર અને આકર્ષક બનાવાય તેવી -બળ માંગ ઠવા પામી છે.

# દહેગામ તાલુકામાં લીંબોળી એકઠી કરતા શ્રમજીવીઓ શોષણનો ભોગ બની રહ્યા છે

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલ અંતરિયાળ ગામોનો શ્રમજીવી વર્ગ અત્યારે લીમડાની પાકી ગયેલી તેમજ સુકી થઈ ગયેલી લીંબોળીઓને વિણીને રોજગારી મેળવી રહ્યા છે. આ શ્રમજીવીઓ આ ધોમધખતા તડકામાં દિવસભર રખડીને દરેક માર્ગો અને ખેતરોમાં આવેલ લીમડાઓ પરથી નીચે પડેલી લીંબોળીઓ એકઠી કરે છે જેના માટે તેમને કિલોએ લીંબોળીઓનું મુખ્ય કલેક્શન સેન્ટર દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે આવેલુ છે. જયાં આ શ્રમજીવીઓ તેમની એકઠી કરેલી લીંબોળીઓ આપીને કિલોના રૂપિયા ચારથી પાંચનું મુલ્ય મેળવે છે. મળતી માહિતી મુજબ માત્ર ૪ થી ૫ રૂપિયામાં ખરીદાયેલી આ લીંબોળીઓને દવાઓ બનાવવા માટે રૂપિયા ૩૦૦ થી ૪૦૦ના ભાવે વેચવામાં આવી રહી છે પરંતુ દિવસભરના તડકામાં કાળી મજૂરી કરીને લીંબોલી એકઠી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વરસાદ ન આવવાથી ખેતી કાર્યોમાં મળતી રોજગારી બંધ થઈ ગઈ અને વિકલ્પરૂપે લીંબોળી એકઠી કરવાનું કાર્ય મળ્યુ : આયુર્વેદિક દવાઓ બનાવવા વપરાતી લીંબોળી મજૂરો પાસેથી માત્ર ૪-૫ રૂપિયે લઈને ૩૦૦-૪૦૦ રૂપિયે વેચતા વેપારીઓ

માત્ર ૪ થી ૫ રૂપિયા મહેનતાણુ મળે છે પરંતુ આખો જૂન માસ વીતવા છતાં મેઘરાજા રીસાયેલા રહેવાને કારણે ખેતીકાર્યોમાં મજૂરી નહી મળવાથી આ શ્રમજીવીઓને અત્યારે આ જ કાર્ય થકી રોજગારી મળી રહી છે.

આયુર્વેદમાં લીમડાના વૃક્ષનું ખૂબ જ અદકેરૂ મહત્વ છે અને લીમડાની લીંબોળીનો પણ આયુર્વેદિક દવાઓ બનાવવામાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. દહેગામ તાલુકામાં આવેલા લીમડા પરથી પાકીને ખરી પડેલી લીંબોળીઓને એકઠી કરીને આયુર્વેદિક દવાઓ બનાવવા માટે વેચવામાં આવે છે. આ કરી રહેલા શ્રમજીવીઓને માત્ર ૪-૫ રૂપિયા પકડાવી તેમનું શોષણ કરાઈ રહ્યું છે.

અત્યારે ખેડૂતો એક તરફ વરસાદ ના આવવાથી તેમનું મોંઘાભાવનું બિયારણ નિષ્ફળ જઈ રહ્યું હોવાથી ચિંતાતુર છે ત્યારે આ ખેતીકાર્યોમાં મજૂરી કરી રોજગારી મેળવતા મજૂરો પણ બેરોજગાર બન્યા છે. આ મજૂરોને વિકલ્પ રૂપે લીંબોળી એકઠી કરવાનું કાર્ય તો મળ્યું છે પરંતુ તેમાં પણ તેમનું શોષણ થઈ રહ્યું છે, જો કે અન્ય કામ હાથ પર ન હોવાથી આ શ્રમજીવીઓને ના છૂટકે ગુજરાન ચલાવવા આ શોષણને માથે ચડાવવુ પડી રહ્યું છે.

# ભારતીય કિસાન સંઘે બજેટને આવકાર્યુ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સરકારનું પ્રથમ અંદાજપત્ર ગઈકાલે વિધાનસભામાં રજુ કરાયુ હતું. આ વર્ષ ૨૦૧૪-૧૫ માટે નાણામંત્રી સૌરભ પટેલ દ્વારા રજુ કરાયેલ આ બજેટમાં કૃષિ વિકાસ માટે ૧૮ ટકાના વધારા સાથે રૂપિયા ૪૬૨૪ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. જેને ભારતીય કિસાન સંઘ દ્વારા આવકારવામાં આવી છે તેમજ નાણામંત્રી અને કૃષિમંત્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

નાણામંત્રી સૌરભ પટેલના પ્રથમ અંદાજપત્ર દ્વારા લાંબાગાળાની કૃષિનીતિ અને પડતર પ્રશ્નોના ઉકેલની કિસાન વિકાસ વર્ષ નિમિત્તે કિસાનોને આશા બંધાઈ છે. આનંદીબેન પટેલે રાજ્યના મુખ્યમંત્રી પદે શપથગ્રહણ કરતાની સાથે જ આ વર્ષને તેમણે કિસાન વિકાસ વર્ષ જાહેર કર્યુ તેની સાથે જ સરકારની કૃષિ પ્રત્યેની પ્રાથમિકતા દર્શાવી હતી અને તેનુ પ્રતિબિંબ બજેટમાં પણ પ્રતિત થઈ રહ્યુ હોવાનું સંઘે જણાવ્યું હતું. સંઘના મતે રાજ્યના ખેડૂતો હાલ સિંચાઈ વ્યવસ્થા, ખેત ઉત્પાદનના લાભદાયી ભાવો અને ખરીદી કરવાની વ્યવસ્થા ઉપરાંત પાકનું રક્ષણ આ ત્રણ મુખ્ય સમસ્યાઓ હોવાનું જણાવ્યું છે.

રાજ્ય સરકારના આ બજેટમાં રાજ્યના તમામ વિસ્તારો જેવા કે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને દાહોદ-પંચમહાલ જેવા વિસ્તારોને ધ્યાનમાં લઈને સિંચાઈ યોજના માટે નાણાં ફાળવવામાં આવ્યા છે. જલ સંરક્ષણ, સંવર્ધન અને વ્યવસાયિક મુદ્દે પણ બજેટમાં ચિંતા કરાઈ છે. જે આવકારદાયક છે. તેમજ સોલાર ઉર્જા દ્વારા પ્રાયોગિક ધોરણે ૧૦૦૦ કનેક્શન આપવાનો સ્વીકાર કરાયો છે જે ગુજરાતને સિંચાઈ ક્ષેત્રે વધુ ગતિશીલતા આવશે. ખેડૂતોની પાસે સ્ટોરેજ ના હોવાથી સસ્તા ભાવે માલ વેચી દેવો પડે છે તેની સામે ખેડૂતોના ખેતરમાં ગોડાઉન વ્યવસ્થા માટેની ચિંતા પણ આ બજેટમાં કરાઈ છે.

આ બજેટમાં એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ ઉત્પાદન, કૃષિ પાક સંગ્રહ ક્ષમતા, બાગાયત પાકો અને તેની વૃદ્ધિ, ખેતીની જમીનનું સરંક્ષણ, કૃષિ શિક્ષણ, પશુપાલન અને ડેરી વિકાસ તથા તેમાં મહિલા પશુપાલનમાં ભાગીદારી માટેનું પ્રોત્સાહન વગેરે મુદ્દાઓનો સમાવેશ કરી ખેડૂતોને સહાયની યોજનાઓ માટેનો વિચાર કરાયો છે તે બદલ વિકાસ સંઘે બજેટને આવકાર્યુ હતુ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૦
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૩.૪૫, ૧૦.૦૦
એક વિલન : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫
એક વિલન : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦
: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
એક વિલન : ૪.૧૫

## આપની આજ

**મેષ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**વૃષભ** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો થશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન તથા પુનવિચાર કરવો યોગ્ય રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : આર્થિક ક્ષેત્રોમાં ભાગ્યવર્ધક પ્રવૃત્તિઓમાં આવકમાં વૃદ્ધિ કરશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અંબાલાલ સોમદાસ (ઉ.વ. ૮૩) ગામ - ચીલોડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ચંદનાબેન રમણલાલ શાહ (ઉ.વ. ૭૩) ગામ - પેથાપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. જયંતિજી ધનાજી ઠાકોર (ઉ.વ. ૩૦) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર.